# ખેડ-તસીયા રોડ પહોળો કરી સલામત બનાવવા માંગ...



ગાંભોઈ, તા.૨૦

સાબરકાંઠા જિલ્લા મથક હિંમતનગર થી મોતીપુરા, ખેડ, ચાંદરણી બડોલી અને ગાંભોઈ ગ્રામ્ય વિસ્તારને સાંકળતા માર્ગ પર છેલ્લા કેટલાક સમયથી વાહન વ્યવહારનો ટ્રાફિક વધતા રોજના વધી રહેલા અકસ્માતો સામે માર્ગને પહોળો કરી સલામત બનાવવા પ્રજા માંગ ઉભી થઈ છે. ગ્રામ્ય જનતાના જણાવ્યા મુજબ માર્ગ પરના નવા ગામની આસપાસ તૂટેલા માર્ગનું સમારકામ ન થતા વાહન ચાલકો ભારે હાલાકી અનુભવી રહ્યા છે. વધી રહેલા અકસ્માત સામે માર્ગ પરના નંદનવન ફાર્મ, રામપુર ચોકડી તથા મહાવીરનગર ચાર રસ્તા પર સ્પીડબ્રેકર મુકવા અંગે તેમજ નાગણેશ્વરી ફાર્મ પાસેના પુલ પર રેલિંગ મુકવા, માર્ગ પર ઠેર ઠેર સુકાઈ ગયેલા જાડો દૂર કરવા, માર્ગની આસપાસ જગ્યા પરના ઉકરડા દૂર કરવા વગેરે અંગે આ વિસ્તારની ગ્રામ્ય પ્રજાએ સત્તાધીશોને વારંવાર રજૂઆતો કરવા છતાં આજદિન સુધી કોઈ પગલાં લેવામાં આવ્યા નથી. પરિણામે આ માર્ગ વાહન ચાલકો અને રાહદારીઓ માટે અસલામત બન્યો છે. આ અંગે સત્વરે કામગીરી હાથ ધરાય એમ ગ્રામ્ય પ્રજાએ ઈચ્છી રહી છે.

# બનાસકાંઠા જિલ્લામાં ભાજપ કારોબારીની આભાર દર્શન બેઠક ન્યુ કમલમમાં યોજાઈ

પાલનપુર તા. ૨૦

બનાસકાંઠા જિલ્લા ભારતીય જનતા પાર્ટીની જિલ્લા કારોબારી બેઠક ચડોતર ન્યુ કમલમ કાર્યાલય ખાતે પ્રદેશ કોર કમિટીના સદસ્ય અને ગુજરાત વિધાનસભાના અધ્યક્ષના ઉમેદવાર શ્રી શંકરભાઈ ચૌધરીના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી.

બનાસકાંઠા જિલ્લા ભાજપની કારોબારી ચડોતર ન્યુ કમલમ કાર્યાલય ખાતે યોજવામાં આવી હતી. બેઠકમાં ભાજપ જિલ્લા પ્રમુખ ગુમાનસિન્હ ચૌહાણે શ્રી શંકરભાઈ ચૌધરીને ગુજરાત વિધાનસભાના અધ્યક્ષના ઉમેદવાર તરીકે જાહેર થતા તેમને સમગ્ર જિલ્લા સંગઠન તરફથી શુભેછાઓ પાઠવી હતી. આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે, શંકરભાઈ ચૌધરીએ પોતાના સ્મરણો યાદ કરતા જણાવ્યું જહતું કે, ભારતીય જનતા પાર્ટી મારી માં છે અને મારી માએ મને મોટો કર્યો છે. તેમણે રાધનપુરના પ્રથમ ઈલેકશનથી લઈ પ્રદેશ યુવા



મોરચામાં રહીને મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ તમામ ગુજરાત ભ્રમણ કરી જે કામગીરી કરી તે મારા નવ જીવનનું ઘડતરરૂપ સાબિત થયું અને ત્યારબાદ પ્રદેશ મહામંત્રી તરીકે જવાબદારી નિભાવી અને ફરી ધારાસભ્ય બની મંત્રી બન્યા અને આજે કોર કમિટીના સદસ્ય તરીકે જવાબદારી નિભાવું છું અને પાર્ટીએ મારી ઉપર વિશ્વાસ મૂકી મને થરાદથી ચૂંટણી લડાવી ધારાસભ્ય તરીકે વિજય થતા મને ગુજરાત વિધાન સભાના સર્વોચ્ચ પદના અધ્યક્ષના ઉમેદવાર તરીકે માટે મારી પસંદગી કરી છે તે માટે હું તમામ પ્રદેશના આગેવાનો નો હું આભાર માનું છું.

તેમને વધુમાં જણાવ્યું હતું કે અધ્યક્ષ તરીકે મારી નિમણુંક થયા બાદ પણ થરાદની જનતાને મેં આપેલા વચનો ઝડપી પુરા થાય તે દિશામાં કામ કરીશ. તેમને અધ્યક્ષ તરીકે તેમને કેવું કામ કરવાનું થાય તે અંગે વિસ્તૃત માહિતી આપી હતી અને જિલ્લાના આગેવાનોને તેમના કોઈપણ પ્રશ્નોનું સંવિધાનિક રીતે નિરાકરણ લાવી શકાય તેવી બનતી તમામ કોશિશ કરીશ. તેમણે જણાવ્યું હતું કે અધ્યક્ષ તરીકે મારી નિમણુંક થતા પહેલા મારે પાર્ટીમાંથી રાજીનામુ આપવાનું કહેતા તેમને પોતાની મનની વ્યથા વર્ણવી હતી ને કહ્યું "જેમ દીકરી પોતાનું ઘર છોડી સાસરે જાય અને પોતાના પિયર છોડવાનું જે દુઃખ તેને હોય તેવીજ વ્યથા મારી છે." તે મુજબ બનાસકાંઠા જિલ્લા ભાજપ મીડિયા સેલ કન્વીનર રશ્મિકાંત મંડોરા એ વધુમાં જણાવ્યું હતું. આ પ્રસંગે પ્રભારી શ્રી નંદાજી ઠાકોર, જિલ્લા અધ્યક્ષ શ્રી ગુમાનસિહ ચૌહાણ, સંસદ શ્રી પરબતભાઈ પટેલ, દિનેશભાઈ અનાવડીયા, નૌકાબેન પ્રજાપતિ, મહામંત્રીશ્રી ડાહ્યાભાઈ પીલિયાતર, કનુભાઈ વ્યાસ, કૈલાશભાઈ ગહેલોત, પૂર્વ સાંસદ હરિભાઈ ચૌધરી, ધારાસભ્ય શ્રી અનિકેતભાઈ ઠાકર, પ્રવીણભાઈ માળી સહીત પૂર્વ સંસદશ્રીઓ અને પૂર્વ ધારાસભ્યશ્રીઓ સાથે જિલ્લાના તમામ આગેવાનો અને કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી શ્રી શંકરભાઈ ચૌધરીને શુભેછાઓ પાઠવી હતી.

# બી-કનઈ ઈંગ્લીશ મિડીયમ સ્કૂલમાં બે દિવસીય વાર્ષિક રમતોત્સવની ઉજવણી

મોડાસા, તા. ૨૦

મોડાસા કેળવણી મંડળ સંચાલિત મોડાસા શહેર ની એકમાત્ર હરિયાળી શાળા તેમજ શહેર ની પ્રતિષ્ઠિત સી.બી.એસ.ઈ શાળા બી - કનઈ માં તારીખ ૨૦/૨૧ ડીસેમ્બર, ૨૦૨૨ ના રોજ બે દિવસયી વાર્ષિક રમોત્સવ “ROBUST energized by Mr. Raj Shah” ની રંગેચંગે ઉજવણી કરવામાં આવી. આ પ્રસંગ ના ઉપક્રમે તારીખ ૨૦/૧૨/૨૦૨૨ ના રોજ અરવલ્લી જિલ્લા ના કલેક્ટર સાહેબે શ્રી નરેન્દ્રકુમાર મીણા, ડિસ્ટ્રિક્ટ સ્પોર્ટ ઓફિસર શ્રી પ્રકાશકુમાર કલાસવા તેમજ અરવલ્લી જિલ્લા ના મુખ્ય કોચ શ્રી મઝહર સુથાર ની વિશેષ ઉપસ્થિતમાં આ પ્રસંગ ને દીપ પ્રાગટ્ય કરી ખુલ્લો મુકવામાં આવ્યો અને તેમના ધ્વારા વિદ્યાર્થીઓને પ્રાસંગિક ઉદબોધન કરી દૈનિક જીવનમાં રમત ગમત અને સ્ફૂર્તિ નું મહત્વ સમજાવવામાં આવ્યું. આ પ્રસંગ ના અનુસંધાને મોડાસા કેળવણી મંડળ ના પ્રમુખશ્રી બિપીનભાઈ આર શાહ એ વિદ્યાર્થીઓને ખેલજગત વિશે વિસ્તૃત માહિતી આપી રમત સાથે કેળવણી જેવા વિષયને સાંકળી લઈ પોતાના વક્તવ્ય આપ્યું. આ રમોત્સવના ઉપક્રમે મોડાસા કેળવણી મંડળના ઉપપ્રમુખ શ્રી કૃષ્ણજીવન એમ. શાહ, શ્રી પંકજભાઈ બુટાલા તેમજ સેક્રેટરી શ્રી ધીરેનભાઈ પ્રજાપતિ, શ્રી નિખિલભાઈ શાહ, શ્રી કિરીટભાઈ શાહ, શ્રી પિયુષભાઈ પટેલ તેમજ કેળવણી મંડળની ભગિની શાળાઓના આચાર્યશ્રીઓએ પોતાની વિશેષ ઉપસ્થિતિ આપી આ પ્રસંગ ને દીપાવ્યો હતો. આ ઉત્સવ પર્વમાં શાળા ના કેમ્પસ ડાયરેક્ટર શ્રી જે. પી. ઉપાધ્યાય તમામ મહેમાનોનું શાબ્દિક સ્વાગત કરી, વિદ્યાર્થીઓને ખેલ જગત ની વિસ્તૃત સમજણ આપી હતી. શાળાના આચાર્યશ્રી કુંદનસિંહ જોદ્ધાએ તમામ મહેમાનોનું પ્રસંગને અનુરૂપ આભારવિધિ કરી હતી.



બી-કનઈ શાળામાં લીંબુ ચમચી, દોડ, રસ્સાખેંચ, કોથળા દોડ, ખો-ખો, કબડ્ડી વગેરે જેવી ૧૭ જેટલી વિવિધ રમતમાં શાળાના તમામ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. દરેક રમતમાં જીતનાર વિદ્યાર્થીઓને શાળા તરફથી ગોલ્ડ / સિલ્વર / બ્રોન્ઝ મેડલ આપીને તેમને બિરદાવવામાં આવ્યા હતા. આ સંપૂર્ણ કાર્યક્રમને સફળ બનાવવા માટે મોડાસા કેળવણી મંડળના પ્રમુખશ્રી, ઉપપ્રમુખશ્રી, સેક્રેટરીશ્રીઓ અને તમામ સભ્યો અને શાળાના તમામ શિક્ષકો તેમજ વિદ્યાર્થીઓનો કાર્યકારી સુપરવાઈઝર શ્રી વિક્કી સોની તેમજ પી.ઈ. શિક્ષકશ્રી દેવેન્દ્રભાઈ લેઉવા, શ્રી વિષ્ણુભાઈ પટેલ, શ્રીમતિ જાગૃતિબેન ત્રિવેદીએ આભાર વ્યક્ત કર્યો હતો.

**પ્રાંતિજ તથા તાલુકામા ઇકોના સાયલેન્સર ચોર ગેંગ સક્રિય**

# પ્રાંતિજ તથા તાલુકામાં ત્રણ ઈકોના સાયલેન્સરો ચોરાયા





પ્રાંતિજ તા.૨૦

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકામા ચોરોને મોકરૂ મેદાન મળ્યું હોય તેમ દિનપ્રતિદિન ચોરીના બનતા બનાવો પોલીસ માટે પડકારરૂપ બન્યા છે ત્યારે ઈકો કાર ના સાયલેન્સર ચોરતી ગેંગ સક્રિય થતા ઈકો કાર માલિકો મા ભય નો માહોલ પ્રાંતિજ સહિત તાલુકામાંથી રાત્રી દરમ્યાન ઈકોકાર માંથી સાયલેન્સર ની ચોરી થઈ હોવાની એક પછી એક રાહ ઉઠવા પામી છે તો બીજીતરફ વાહન માલિકો પોલીસ ના લફરામાં કોઈ પડવા ના માગતું હોય તેમ પોલીસ ચોપડે માત્ર માત્ર બે પોલીસ ફરીયાદ છે અને ચોરી કરનારાઓને દિવસે દિવસે મોકરૂ મેદાન મળી રહ્યું છે ખાસ કરીને ગામડાઓમાં રાત્રે વાહનોમાંથી પેટ્રોલ કાઢી લેવું બેટરી કે ગાડીઓના શાયલેન્સર કાઢી લેવા જેવા બનાવો વધી રહ્યા છે ત્યારે પોલીસે શહેર અને ગામડાઓમાં રાત્રી રાઉન્ડ કરવાની માંગો વધી રહી છે પ્રાતિજ ખાતે હમણાંજ હાઈવેથી ભાખરીયા તરફ જતા ગાયત્રી હોસ્પિટલ પાસે આવેલ સોસાયટી મા રાત્રીના સમયે મકાન આગળ પાર્ક કરેલ ઈકોકાર માંથી શાયલેન્સર ચોરાયાની ઘટના બનતા લોકો ભરચક સોસાયટી વિસ્તારમાં ગાડીમાંથી શાયલેન્સર ચોરીની ઘટનાને વખોડી પોલીસ સામે અનેક પ્રશ્નો ઉભા કરે છે ત્યારે પોલીસે આઅંગે તપાસ કરી આવા વાહનસ્પેરપાર્ટ ચોરોને ઝડપી પાડી જેલને હવાલે કરી દેવા જોઈએ ની માંગ ઉઠવા પામી છે ત્યારે હાલતો ઈકોકાર માલિકો મા ભય નો માહોલ જોવા મળી રહ્યો છે ત્યારે પ્રાંતિજ પોલીસ દ્રારા હવે તો ગોરનિદ્રા માંથી જાગી ને પોલીસ પેટ્રોલિંગ સઘન કરવામા આવે તેવી માગ ઉઠવા પામી છે ત્યારે હાલ તો એક પછી એક સાયલેન્સરો ચોરાતા પોલીસ ની કામગીરી સામે સવાલો ઉભા થયા છે.

# બનાસકાંઠાની એક મહિલાએ એક વર્ષમાં ૧ કરોડ ૨૫ લાખનું દૂધ ભરાવી સમગ્ર જિલ્લામાં નંબર વન

ડીસા, તા. ૨૦

દેશના વડાપ્રધાન દ્વારા આત્મનિર્ભર યોજના થકી લોકો આત્મનિર્ભર બને તે માટેના પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. ખેડૂતોની આવક બમણી થાય તે માટે સરકાર કટિબદ્ધ બની છે. ત્યારે બીજી તરફ દેશમાં પશુપાલનના વ્યવસાય થકી પણ પશુપાલકો લાખોની આવક મેળવતા થયા છે. ગુજરાતમાં પશુપાલનના વ્યવસાયથી મહિલાઓ દૂધમાંથી આવક મેળવી પોતાના પરિવારોનું ગુજરાન ચલાવી સ્વમાનભેર જીવન ગુજારી રહી છે. કડકડતી ઠંડી, ઉનાળાની ૪૬ ડિગ્રી ગરમી તેમજ ચોમાસામાં વરસાદ વચ્ચે પણ પોતાના બાળકોની જેમ પશુઓની સારસંભાળ રાખતા પશુપાલકોની અથાગ મહેનતનું પરિણામ એટલે શ્વેત ક્રાંતિ. બનાસકાંઠા જિલ્લાનો મુખ્ય વ્યવસાય પશુપાલન અને ખેતી છે. ત્યારે એશિયાની નંબર વન બનાસ ડેરી થકી હજારો મહિલાઓ દૂધના વ્યવસાય થકી પોતાના પરિવારોનું ગુજરાન ચલાવી રહી છે. બનાસડેરીના સ્થાપક દિવંગત ગલબાકાકાનું સપનું હતું કે બનાસકાંઠા જિલ્લાની દરેક સમાજની મહિલાઓ દાતરડાના હાથા પર પોતાના પરિવારનું ભરણ પોષણ કરે. આ હેતુથી તેઓએ વર્ષો પહેલા બનાસ ડેરીની સ્થાપના કરી હતી. જે બનાસ ડેરીથી આજે હજારો ઘરોમાં ખુશી જોવા મળી રહી છે. ત્યારે જિલ્લાના વડગામ તાલુકાના નગાણા ગામમાં રહેતા નવલબેન દલસંગભાઈ ચૌધરી ગત વર્ષમાં બનાસ ડેરીમાં દૂધ ભરાવવામાં અવ્વલ રહ્યા છે. વર્ષ દરમિયાન તેમણે ૧ કરોડ ૨૫ લાખ રૂપિયાનું દૂધ ભરાવી માતબર આવક માત્ર પશુપાલનમાંથી મેળવી છે.



નવલબેને માત્ર ૧૫ જેટલા પશુઓથી પશુપાલન વ્યવસાયની શરૂઆત કરી હતી. પેટ પર પાટા બાંધી પોતાના ચાર નાના બાળકોની માવજત સાથે રાત દિવસ કામ કરી આજે નવલબેન આ મંજીલ પર પહોંચ્યા છે અને આજે તેમની પાસે ૨૫૦ જેટલા પશુઓ છે, ૬૫ વર્ષની ઉંમરમાં પણ તેઓ વહેલી સવારે ઉઠી જઈ પશું દોહવાનું કામ કરે છે. અત્યારે દિવસના ૮ કલાક કરતા પણ વધુ કામ કરે છે. નવલબેન ચૌધરી એક દિવસમાં ૧૨૦૦ લિટર જેટલું દૂધ મંડળીમાં ભરાવે છે. ૧૫ દિવસે ૭થી ૮ લાખ રૂપિયાની આવક તેમના ખાતામાં જમા થાય છે. જેમાં ખર્ચને બાદ કરતાં તેઓ ૨ લાખ જેટલી બચત કરી રહ્યા છે. છેલ્લા એક વર્ષથી સતત રોજ ૧૨૦૦થી વધુ લિટર દૂધ ભરાવી એક જ વર્ષમાં ૧ કરોડ ૨૫ લાખ રૂપિયાની આવક મેળવી છે.

**આજથી દિવસ ટૂંકો, રાત લાંબી**

# ઉત્તર ગુજરાતમાં પ્રજાને લાંબી રાત્રિનો અનુભવ થશે

**૧૩ કલાકથી વધુ રાત્રિ, હવે પછી દિવસ ક્રમશ લાંબો થશે**

બાયડ , તા.૨૦

ખગોળીય ઘટનાઓનો અનુભવ સમયાંતરે માનવજાતને થતો હોય છે. આજે તા.૨૧ ડિસેમ્બર, બુધવારે ઉત્તર ગુજરાતની પ્રજા સૌથી ટૂંકા દિવસનો અનુભવ કરશે અને લાંબામાં લાંબી રાત્રિ રહેશે. ૧૩ કલાકથી વધુ રાત્રિનો સમય રહેશે. બુધવારથી રાત્રિ ટૂંકી અને દિવસ ક્રમશ લાંબો થશે.

શિયાળાની કડકડતી ઠંડીમાં પથારીમાંથી ઉભા થવાનું મન થતું નથી અનેક લોકો કાતિલ ઠંડી સાથે આળસુ બની ગયા છે. કેટલાકને લાંબા સમયથી મોર્નિંગ વોક કરવાનું પણ છોડી દીધું છે. મકરસંક્રાંતિ પર્વ નજીક આવતાં હવે ધીરે ધીરે દિવસ લાંબો થશે અને રાત્રિ ટૂંકી થશે. ત્યારે દર વર્ષે બનતી ખગોળીય ઘટના પ્રમાણે તા.૨૧ ડિસેમ્બરના રોજ સૌથી લાંબી રાત્રિ હશે. ઉત્તર ગુજરાતમાં રાત્રિનો સમય ૧૩ કલાક ૧૭ મીનીટથી વધુનો આંકવામાં આવ્યો છે. ઉંઘણસી લોકો માટે આ દિવસ વધુ અનુકુળ રહેશે. જ્યારે સતત મહેનત કરનારા લોકો માટે ક્યારે અંધારુ પડી ગયું તેની ખબર જ નહીં પડે. જ્યારે ગુરુવારથી રાત્રિ ટૂંકી અને દિવસ લાંબો થશે. પૃથ્વીનો ઝુકાવ સૂર્યને પરીભ્રમણ ગતિ સૂર્ય હોય છે જે દક્ષિણ ગોળાર્ધમાં પણ તે પૃથ્વી તરફ ગતિ કરે ત્યારે આ પ્રકારની ખગોળીય ઘટના નોંધાતી હોય છે.

# પોળોના જંગલમાં પ્લાસ્ટીક્સની તમામ વસ્તુઓ પર પ્રતિબંધ

હિંમતનગર, તા. ૨૦

સાબરકાંઠાનુ કાશ્મિર ગણાતા પોળોના જંગલો તેના કુદરતી સૌદર્યના કારણે ઉજવાતા પોળો ઉત્સવમાં સમગ્ર ગુજરાતથી અનેક લોકો આ જંગલની મુલાકાતે આવે છે. આ પ્રવાસીઓ પોતાની સાથે નાસ્તા અને અન્ય ચીજવસ્તુઓ લઈને આવે છે. તેમા મોટા ભાગે પ્લાસ્ટીક બેગનો ઉપયોગ થાય છે.પોળોના જંગલોમાં પ્લાસ્ટીકના ઉપયોગથી પર્યાવરણ તેમજ વન્ય પ્રાણીઓને થતુ નુકશાન અટકાવવા પ્લાસ્ટીકના વેચાણ અને ઉપયોગ પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. આ હુકમ તા. ૧ જાન્યુઆરી ૨૦૨૩ સુધી અમલમાં રહેશે. આ હુકમનો ભંગ કરનારને કલમ ૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

# પશુ માલિકોએ પોતાના પશુઓના રજીસ્ટ્રેશન ફરજીયાત કરાવવા પડશે

હિંમતનગર, તા. ૨૦

જિલ્લામાં જાહેર રસ્તા ઉપર રખડતા પશુઓના કારણે ટ્રાફિક ને અડચણ તથા વાહન અકસ્માતના બનાવો બનતા અટકાવવા સારું અને નામદાર હાઈકોર્ટના દિશા-નિર્દેશ મુજબ સાબરકાંઠા જિલ્લામાં રખડતા પશુઓને નિયંત્રણ કરવા તેમજ પશુમાલિકોની જવાબદારી/ ઓળખ નક્કી કરવા માટે પશુઓ પર ટેગ/ચીપ લગાડી માલિકી રજીસ્ટ્રેશન કરાવવા અંગે જિલ્લા મેજિસ્ટ્રેટ સાબરકાંઠા દ્વારા જાહેરનામું બહાર પાડવામાં આવેલ છે. જે અંતર્ગત જિલ્લામાં વસવાટ કરતા તમામ પશુઓના (ગાય ભેંસ વગેરે) માલિક, ગોપાલકોએ આ જાહેરનામું પ્રસિદ્ધ થયેથી પોતાની માલિકીના તમામ પશુઓને અત્રેના જિલ્લાની નગરપાલિકાઓ/ ગ્રામપંચાયતો તરફથી લગાવવામાં આવનાર ટેગ તથા ચીપ લગાડવી. પોતાના પશુઓનું રજીસ્ટ્રેશન ફરજિયાતપણે કરાવી લેવા હુકમ કરવામાં આવ્યો છે. ટેગ કે ચીપ લગાડેલ પશુની માલિકી બદલાય તો એટલે કે આવા રજીસ્ટ્રેશન કરાવેલ પશુના જો માલિક દ્વારા વેચાણ, ગીરો, બક્ષિસ અથવા વારસાઈ રૂપે માલિકી હક બદલાય કે પશુનું મરણ થાય તો તેની જાણ જે તે પશુના માલિકે તેઓના વિસ્તારની નગરપાલિકા/ ગ્રામપંચાયતને કરવાની રહેશે. આ જાહેરનામાનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર અથવા કરાવનાર શખ્સ ૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમની કલમ ૧૩૧ હેઠળ સજા તથા દંડને પાત્ર થશે.

**જન્મદિને વધામણી**



દેવમ સંદીપ ગાંધી

# અરવલ્લી : વધુ એક યુવતીએ ઝાડ સાથે ગળેફાંસો ખાઈ જીંદગી ટૂંકાવી, પરિવારજનોમાં રોક્કળ

મોડાસા, તા.૨૦

અરવલ્લી જીલ્લામાં આત્મહત્યાના બનાવોમાં સતત નોંધપાત્ર વધારો થઈ રહ્યો છે થોડા દિવસ અગાઉ ભિલોડાના સુનસર ગામની સીમમાં પ્રેમી પંખીડાએ સજોડે આત્મહત્યા કરી લીધાની ઘટનાની શાહી સુકાઈ નથી ત્યારે ભિલોડાના નવી વસવાટ પાસે મસ્તાન બાવાની દરગાહ અને કબ્રસ્તાન પાછળના ભાગે વાંઘા-કોતર પાસે ઝાડ પર માલાવાવ ગામની ૨૦ વર્ષીય યુવતીનો ઝાડ સાથે ગળેફાંસો ખાંધેલી હાલતમાં મૃતદેહ મળી આવતા ભારે ચકચાર મચી હતી યુવતીના પરિવારજનો અને ભિલોડા પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી પોલીસે મૃતક યુવતિની લાશને પીએમ માટે ખસેડી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી. ભિલોડા તાલુકાના માલાવાવ ગામની સુમિત્રાબેન બાબુભાઈ નિનામા નામની ૨૦ વર્ષીય યુવતીની લાશ ભિલોડા નગર નજીક નવી વસવાટ પાસે મસ્તાન બાવાની દરગાહ અને કબ્રસ્તાનના પાછળના ભાગે આવેલા વાંઘા-કોતર પાસેથી યુવતીનો ઝાડ પર લટકતો મૃતદેહ મળતા ચકચાર મચી હતી મંગળવારે વહેલી સવારે લટકતી હાલતમાં યુવતીનો મૃતદેહ મળ્યો હોવાના સમાચાર વાયુ વેગે સમગ્ર વિસ્તારમાં પ્રસરતા ઘટના સ્થળે લોકોના ટોંળે- ટોંળા એકત્રિત થઈ ગયા અવનવી અટકળોએ ભારે જોર પકડયું હતું.લીમડાના ઝાડ પર લટકતો યુવતીનો મૃતદેહ મળ્યો હોવાની ભાળ મળતા પોલીસ ઘટના સ્થળે પહોંચી પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી

ભિલોડા પોલીસે મૃતક



યુવતીના પિતા બાબુભાઈ નેમાજી નિનામાની જાણવાજોગ ફરિયાદના આધારે કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી

# ગુજરાત હોટલ ફેડરેશનના ખજાનચી તરીકે મોડાસાના દિલીપ પટેલ નિમણુંક થતા અભિનંદન વર્ષા



મોડાસા, તા. ૨૦

મોડાસા શહેરની અન્નપૂર્ણા ટ્રસ્ટ સહીત વિવિધ સેવાકીય સંસ્થાઓ સાથે સંકળાયેલા અને દિલીપ પટેલ (હોટલ શુભલક્ષ્મી)ની તાજેતરમાં યોજાયેલ ગુજરાત રાજ્ય હોટલ ફેડરેશનના અધિવેશનમાં ખજાનચી તરીકે નિમણુંક કરવામાં આવતા મોડાસા શહેર સહીત અરવલ્લી જીલ્લાના ધંધાર્થીઓમાં આનંદ છવાયો હતો મોડાસા હોટલ શ્ગેસ્ટ હાઉસ એસોસિએશન ગર્વ ની લાગણી અનુભવવાની સાથે અભિનંદન વર્ષા વરસાવી હતી રાજ્યકક્ષાના હોટલ એશોસિએશનમાં મોડાસા શહેરને પ્રતિનિધિત્વ આપવામાં આવતા શહેરના અગ્રણીઓએ દિલીપ પટેલને અભિનંદન પાઠવ્યા હતા.

# અવસાન નોંધ



શ્રી હરશોલા વણિક સમાજ તલોદ દુઃખદ અવસાન. ગો વા સુરેશચંન્દ્ર નાથાલાલ શાહ આંત્રોલી વાળા હાલ તલોદ ના સુપુત્ર મયંક સુરેશચંન્દ્ર શાહ નુ આજરોજ ટુંકી માંદગી બાદ દુખદ અવસાન થયેલ છે.